RNI No.: GUJGUJ/2014/59295

E mail - prdpraval@yahoo.co.uk

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

"ગુજરાત રાજ્ય માહિતી ખાતાની પેનલ ઉપર નું અગ્રીમ દૈનિક અખબાર"

www.janfariyadnews.com

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

* Volume : 12 * Issue No. 223 * Date: 05.6.2026,Friday * Page :04 * Rs. 1.00/- * Annual Rs. 351/-

# ટ્રમ્પને સૌથી મોટો ઝટકો, ઈરાન વિરુદ્ધ યુદ્ધ રોકવા અંગે અમેરિકાની સંસદમાં પ્રસ્તાવ પાસ




અમેરિકા અને ઈરાન વચ્ચે વધી રહેલા સૈન્ય તણાવ અને યુદ્ધની સ્થિતિ વચ્ચે અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પને તેમની જ સંસદમાં એક મોટો રાજકીય આંચકો લાગ્યો છે. અમેરિકન સંસદના નીચલા ગૃહ 'હાઉસ ઓફ રિપ્રેઝન્ટેટિવ્સ' (પ્રતિનિધિ સભા) એ ઈરાન સામેના યુદ્ધ પર રોક લગાવવા અને ત્યાંથી અમેરિકન સૈનિકોને પાછા બોલાવવા માટેનો એક મહત્વપૂર્ણ પ્રસ્તાવ પસાર કરી દીધો છે. ડેમોક્રેટિક પાર્ટીના નેતૃત્વમાં લાવવામાં આવેલા આ પ્રસ્તાવનો મુખ્ય હેતુ સંસદ (કોંગ્રેસ)ની મંજૂરી વિના ઈરાન વિરુદ્ધ કોઈપણ પ્રકારના સૈન્ય પગલાં લેવાની પ્રમુખની સત્તા પર અંકુશ લગાવવાનો છે.૭ વોટના નજીવા અંતરથી પ્રસ્તાવ પાસ, રિપબ્લિકન સાંસદોએ પાર્ટી બદલીગૃહમાં 'વોર પાવર્સ રિઝોલ્યુશન' પર જોરદાર ટક્કર જોવા મળી હતી. આ પ્રસ્તાવની તરફેણમાં ૨૧૫ વોટ પડ્યા હતા, જ્યારે વિરોધમાં ૨૦૮ સાંસદોએ મતદાન કર્યું હતું. આ વોટિંગની સૌથી ખાસ વાત એ રહી કે ગૃહમાં પ્રમુખ ટ્રમ્પની રિપબ્લિકન પાર્ટી પાસે બહુમતી હોવા છતાં તેઓ આ પ્રસ્તાવને રોકી શક્યા નહી. રિપબ્લિકન પાર્ટીના જ ૪ સાંસદોએ પોતાની પાર્ટીના વલણની વિરુદ્ધ જઈને ડેમોક્રેટ્સના પક્ષમાં વોટ આપ્યો હતો. અગાઉ આ પ્રસ્તાવ ત્રણ વાર નિષ્ફળ ગયો હતો, પરંતુ આ વખતે તે પાસ થવામાં સફળ રહ્યો છે.'વોર પાવર્સ એક્ટ'ના ઉલ્લંઘનનો આરોપડેમોક્રેટ્સનો આરોપ છે કે પ્રમુખ ટ્રમ્પે સંસદની પૂર્વ પરવાનગી વિના ઈઝરાયેલ સાથે મળીને ઈરાન પર હુમલો કર્યો છે, જે અમેરિકન બંધારણનું સ્પષ્ટ ઉલ્લંઘન છે. 'વોર પાવર્સ એક્ટ' અનુસાર, પ્રમુખએ સૈન્ય કાર્યવાહીના ૬૦ દિવસની અંદર સંસદની મંજૂરી લેવી અનિવાર્ય હોય છે, જેની સમયમર્યાદા સમાપ્ત થઈ ચૂકી છે. ડેમોક્રેટ્સે જણાવ્યું કે, આ પ્રસ્તાવ અમેરિકન જનતા તરફથી ટ્રમ્પને સ્પષ્ટ સંદેશ છે કે ઈરાનમાં તેમનું ગેરકાયદેસર યુદ્ધ હવે બંધ થવું જોઈએ. જોકે, ટ્રમ્પ પ્રશાસનનો દાવો છે કે યુદ્ધ પહેલા જ ખતમ થઈ ચૂક્યું છે, પરંતુ વાસ્તવિકતા એ છે કે બંને તરફથી હજુ પણ ગોળીબાર અને હુમલા ચાલુ છે.હવે પ્રમુખ ટ્રમ્પ પાસે શું વિકલ્પ છે?રાજકીય વિશ્લેષકોના જણાવ્યા અનુસાર, હાઉસ ઓફ રિપ્રેઝન્ટેટિવ્સમાં પસાર થયેલો આ પ્રસ્તાવ હાલ પૂરતો મોટાભાગે પ્રતિકાત્મક છે. આ પ્રસ્તાવને કાયદાકીય સ્વરૂપ આપવા માટે હવે તેને અમેરિકન સંસદના ઉપલા ગૃહ એટલે કે 'સીનેટ'માંથી પણ પસાર કરાવવો પડશે. સીનેટ આ સપ્તાહે આ પ્રસ્તાવ પસાર કરી શકે છે. પરંતુ, જો આ પ્રસ્તાવ સીનેટમાંથી પાસ થઈને પ્રમુખ પાસે જશે, તો ટ્રમ્પ પોતાના વિશેષાધિકાર એટલે કે 'વીટો' (ફ્ી) પાવરનો ઉપયોગ કરીને તેને ફગાવી શકે છે. પ્રમુખના વીટોને નિષ્ક્રિય કરવા માટે સંસદના બંને ગૃહોમાં બે-તૃતીયાંશ (૨/૩) બહુમતીની જરૂર પડે છે, જે ડેમોક્રેટ્સ માટે મેળવવી અત્યંત મુશ્કેલ છે.ચૂંટણી નજીક આવતા રિપબ્લિકન સાંસદોમાં ચિંતા વધીભલે આ પ્રસ્તાવ કાનૂની રીતે ટ્રમ્પને તત્કાલ ન રોકી શકે, પરંતુ રાજકીય રીતે આ ટ્રમ્પ માટે મોટો ફટકો છે. આગામી નવેમ્બર મહિનામાં યોજાનારી મિડટર્મ ચૂંટણીઓને ધ્યાનમાં રાખીને રિપબ્લિકન સાંસદોમાં અસંતોષ વધી રહ્યો છે, કારણ કે ઈરાન યુદ્ધનો મુદ્દો ચૂંટણીમાં તેમની બેઠકો પર ભારે પડી શકે છે. તેવામાં પોતાની જ પાર્ટીના સાંસદોનો વિરોધ ટ્રમ્પ સરકાર માટે ચિંતાનો વિષય

## ૨૩ વર્ષ કાનૂની લડતના અંતે બ્રિટનમાં ગુજરાતની મહિલાને છૂટાછેડાના કેસમાં ૬૬ લાખ પાઉન્ડ મળ્યા

બ્રિટનમાં ગુજરાતી મૂળની મહિલાને છૂટાછેડા માટેની ૨૩ વર્ષની કાયદાકીય લડતને અંતે કોર્ટનાં ચુકાદા પછી ૬૬ લાખ પાઉન્ડ (અંદાજે ૮૪.૮૬ કરોડ રૂપિયા)ની રકમ મળી છે. મહિલાની આ કાયદાકીય લડત બ્રિટનનાં ઈતિહાસમાં સૌથી મોટી લડત પૈકીની એક છે.વર્ષા ગોહિલે વર્ષ ૨૦૦૨માં કરી હતી છૂટાછેડાની અરજીવર્ષા ગોહિલે મે, ૨૦૦૨માં છૂટાછેડા માટે અરજી કરી હતી. શરૂઆતમાં થોડી રકમ મળ્યા પછી વર્ષા ગોહિલને જાણ થઈ હતી કે તેમના વકીલ પતિ ભદ્રેશ ગોહિલે પોતાની કેટલીક સંપત્તિઓ છુપાવી હતી.આ દરમિયાન તેમની કાયદાકીય લડતમાં મની લોન્ડરિંગ તપાસને કારણે અવરોધ ઊભો થયો હતો. જેના કારણે ૨૦૧૦માં ભદ્રેશને નાઈજીરિયાનાં એક ક્લાયન્ટથી જોડાયેલા ભ્રષ્ટાચારનાં કેસમાં ૧૦ વર્ષની જેલની સજા સંભળાવવામાં આવી હતી. એક તરફ બ્રિટનની ક્રાઉન પ્રોસેક્યુશન સર્વિસ (સીપીએસ)એ પતિની ગુનાહિત પ્રવૃત્તિઓથી જોડાયેલ લગભગ ૨૮ મિલિયન પાઉન્ડનાં ફંડને જપ્ત કરવાનો આદેશ જારી કરાવ્યો હતો.કોર્ટ ઓફ અપીલે આખરે લાવ્યો લાંબી લડાઈનો અંતબીજી તરફ, આ વૈવાહિક સંપત્તિમાં પૂર્વ પત્નીનો કાયદેસરનો કેટલો હિસ્સો રહેશે તે અત્યાર સુધી નક્કી થઈ શક્યું ન હતું. પરંતુ મીડિયા અહેવાલો અનુસાર, બ્રિટનની કોર્ટ ઓફ અપીલે ગયા મહિને આ લાંબી કાયદાકીય લડાઈનો આખરે અંત આણી દીધો છે. કોર્ટે પોતાનો ચુકાદો આપતા સ્પષ્ટ કર્યું છે કે, હવે આ કેસમાં આગળ કોઈ અપીલ કરી શકાશે નહી, જેનો સીધો અર્થ એ થાય છ.

## ટ્રમ્પની ફિટકાર બાદ ઈઝરાયલ-લેબેનોન વચ્ચે ફરી યુદ્ધવિરામ, હિઝબુલ્લાહ સામે ૪ શરતો મૂકાઈ




લાંબા સમયથી ચાલી રહેલા સૈન્ય તણાવ અને હિંસા બાદ આખરે ઈઝરાયલ અને લેબેનોન વચ્ચે યુદ્ધવિરામ (સીઝફાયર)ના નવીનીકરણ પર સહમતિ સધાઈ છે. અમેરિકાની મધ્યસ્થતામાં યોજાયેલી ચોથા રાઉન્ડની બેઠક બાદ બંને દેશો આ મહત્વપૂર્ણ શાંતિ સમજૂતી પર પહોંચ્યા છે. આ કરાર હેઠળ લેબેનોનમાં કેટલાક ખાસ પ્રાયોગિક સુરક્ષા વિસ્તારો (ઈટૌદ્ધિહંક્રજ્ઞ જીર્જ્રૈઅિ ઢહીજ) બનાવવામાં આવશે, જેમાંથી હિઝબુલ્લાહના લડવૈયાઓને સંપૂર્ણપણે બહાર રાખવામાં આવશે.સીઝફાયરની મુખ્ય શરતોગોળીબાર પર સંપૂર્ણ રોક: હિઝબુલ્લાહ દ્વારા ઈઝરાયલ તરફ કરવામાં આવતા તમામ પ્રકારના રોકેટ અને સૈન્ય હુમલાઓ તત્કાલ બંધ કરવા પડશેહથિયારો અને લડવૈયાઓની વાપસી: લિટની નદી (ન્ૈંક્રહૈ ઇૈદૃીિ) ની દક્ષિણ દિશામાં આવેલા તમામ સરહદી વિસ્તારોમાંથી હિઝબુલ્લાહના લડવૈયાઓ અને તેમના હથિયારોને સંપૂર્ણપણે હટાવી લેવામાં આવશે.લેબેનોની સેનાનું નિયંત્રણ: સુરક્ષા જાહેર કરાયેલા આ તમામ વિસ્તારો પર લેબેનોનની સત્તાવાર સેના (નીહ્વક્રહીજી છદ્બિઅ) પૂર્ણ નિયંત્રણ મેળવશે અને સુરક્ષા સુનિશ્ચિત કરશે.પ્રતિબંધો: આ વિસ્તારોમાં હિઝબુલ્લાહની કોઈપણ પ્રકારની સૈન્ય કે શંકાસ્પદ પ્રવૃત્તિઓ પર કડક પ્રતિબંધ રહેશે.વાર્તાલાપમાં હિઝબુલ્લાહ ગેરહાજર, ઈરાનને સ્પષ્ટ સંદેશઅમેરિકાના વિદેશ મંત્રાલયમાં યોજાયેલી આ ઉચ્ચ સ્તરીય બેઠક બાદ જારી કરાયેલા સંયુક્ત નિવેદનમાં સ્પષ્ટ કરવામાં આવ્યું છે કે, ઈઝરાયલ અને લેબેનોન વચ્ચેના ભવિષ્યના સંબંધો બંને દેશોની સાર્વભૌમ સરકારો જ નક્કી કરશે. લેબેનોનના ભવિષ્યને પ્રભાવિત કરવાના કોઈપણ બાહ્ય દેશ કે સંગઠનના પ્રયાસોને સહન કરવામાં નહીં આવે. આ નિવેદનને સીધું જ હિઝબુલ્લાહના કટ્ટર સમર્થક એવા ઈરાન તરફના સ્પષ્ટ ઈશારા તરીકે જોવામાં આવી રહ્યું છે. ખાસ વાત એ છે કે આ શાંતિ વાર્તાલાપમાં હિઝબુલ્લાહ પોતે સીધી રીતે સામેલ નહોતું.શાંતિની દિશામાં મોટું પગલું પણ પડકારો યથાવતઆ સુરક્ષા વિસ્તારોને જમીન પર કેવી રીતે લાગુ કરવામાં આવશે તેની વિગતવાર યોજના હજુ જાહેર કરવામાં આવી નથી. જોકે, અમેરિકાના પ્રયાસોથી થયેલી આ સમજૂતીને મિડલ ઈસ્ટમાં છેલ્લા કેટલાક મહિનાઓથી ચાલી રહેલા તણાવને ઓછો કરવા માટે એક ઐતિહાસિક પ્રગતિ માનવામાં

## ટ્રમ્પનું મોટું નિવેદન : 'જો હું ન હોત તો આજે ઈઝરાયેલ પણ ન હોત, હું કદાચ કોઈ દિવસ ઈરાનના અયાતુલ્લાને મળીશ'



અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ઈઝરાયેલને લઈને એક મોટું નિવેદન આપ્યું છે. ટ્રમ્પે કહ્યું છે કે, 'જો હું ન હોત તો આજે ઈઝરાયેલ પણ ન હોત. હું કદાચ કોઈ દિવસ ઈરાનના અયાતુલ્લાને મળીશ.' ટ્રમ્પનું આ નિવેદન એવા સમયે આવ્યું છે, જ્યારે ઈરાન સાથેનો સંઘર્ષ હજુ સંપૂર્ણપણે ખતમ થયો નથી, અને ઈરાન તરફથી પણ નિવેદનબાજી ચાલી રહી છે. નોંધનીય છે કે અમેરિકા અને ઈઝરાયેલે સાથે મળીને ઈરાન પર હુમલો કર્યો હતો, અને ત્યારથી જ ઈરાન સાથે સંઘર્ષની સ્થિતિ સર્જાયેલી છે.ટ્રમ્પે ઈરાનને લઈને બીજું શું કહ્યું?ઈરાન અંગે વાત કરતા ટ્રમ્પે કહ્યું, 'ઈરાન પહેલાથી જ પરમાણુ હથિયાર ન રાખવા પર સહમત થઈ ચૂક્યું છે. તે પોતાનો નિર્ણય બદલી શકે છે, પરંતુ આ જ સૌથી મહત્વની બાબત હતી. મને અયાતુલ્લાને મળવાનું સૌભાગ્ય નથી મળ્યું. તે બહુ સારું નથી કરી રહ્યા. તે ગેરહાજર છે. ઈરાન પાસે બહુ ઓછા સૈનિકો છે. હું કદાચ કોઈ દિવસ ઈરાનના અયાતુલ્લાને મળીશ.'ઈરાન યુદ્ધ માટે નેતન્યાહૂ દ્વારા ભોળવવામાં આવ્યા હોવાના સવાલ પર ટ્રમ્પે જણાવ્યું, 'મેં જ આની શરૂઆત કરી હતી. હું કોઈને નિરાશ કરવા નથી માંગતો, પરંતુ મેં આની શરૂઆત એટલા માટે કરી કારણ કે, આપણે તેમને પરમાણુ હથિયાર રાખવા ન દઈ શકીએ. જો હું ન હોત તો ઈઝરાયેલનું અસ્તિત્વ જ ન હોત.'જેડી વેન્સ અને રુબિયોના વખાણ કર્યાડોનાલ્ડ ટ્રમ્પે અમેરિકાના નેતા જેડી વેન્સ (ત્નઘ ફક્રહષ્ઠી) અને માર્કો રુબિયો (સ્ક્રર્જિ ઇેહ્વૈ) ના પણ વખાણ કર્યા હતા. ટ્રમ્પે કહ્યું, 'મને જેડી વેન્સ અને માર્કો રુબિયો બંને પસંદ છે. મને તે બંને સાથે સારા લાગે છે. જેડી અને માર્કો એક શાનદાર જોડી બની શકે છે. બંને અત્યંત પ્રતિભાશાળી છે.' ૨૦૨૪માં જો બાઈડન સાથે થયેલી ડિબેટ વિશે પણ ટ્રમ્પે નિવેદન આપતાં કહ્યું કે, 'મેં તેમને જોયા અને કહ્યું, આ કેટલા સફેદ થઈ ગયા છે! તેમને શું થઈ ગયું છે?'પોતાની પ્રશંસા કરી, નેતન્યાહૂની ટીકા!ટ્રમ્પે પોતાની પ્રશંસા કરતા કહ્યું કે, 'હું જેનું પણ સમર્થન કરું છું, તે જીતે છે. એટલે કે દરેક વ્યક્તિ. તમે જોયું જ હશે ને, ગયા અઠવાડિયે? હું જેને સપોર્ટ કરું છું તે જીતે જ છે.' આ સાથે જ ટ્રમ્પે ઈઝરાયેલના પીએમ બેન્જામિન નેતન્યાહૂની પ્રશંસા પણ કરી અને સાથે થોડી ટીકા પણ કરી. ટ્રમ્પે એક્સિયોસ (છટૈંજ)ના રિપોર્ટ પર કહ્યું કે, મેં નેતન્યાહૂને કહ્યું હતું કે 'તમે બિલકુલ પાગલ છો. મને હંમેશા ગુસ્સો આવે છે. હું તેમનાથી થોડો પરેશાન હતો, તેમ છતા તે સતત લેબનોન સાથે લડી રહ્યા હતા. એક સમયે મેં કહ્યું હતું કે આપણે આને રોકીશું.'



ન્યૂઝ ઓફ ગાંધીનગર

## ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા- આયોજક : પ્રદીપ રાવલ




**NOG SS NO 173**
વિષય -' શ્રેષ્ઠ/ સર્વોત્તમ
શબ્દ સંખ્યા - ૩૩૩.
પ્રકાર - ગદ્ય.
શીર્ષક-'શ્રેષ્ઠ અને સર્વોત્તમ '

માનવ સભ્યતાનાં પ્રારંભથી જ આપણાં મનમાં બે શબ્દો સતત ગુંજતા રહ્યા છે,'શ્રેષ્ઠ' અને 'સર્વોત્તમ'. સામાન્ય નજરે આ બંને શબ્દો એકબીજાનાં પર્યાય લાગે છે, પરંતુ જો ઊંડાણપૂર્વક ચિંતન કરીએ તો સમજાય કે આ માત્ર શબ્દો નથી, પણ માનવ ચેતનાનાં બે જુદાં જુદાં પડાવ છે. 'શ્રેષ્ઠ' બનવું એ ઘણીવાર એક સામાજિક અનિવાર્યતા કે સ્પર્ધાનું પરિણામ હોય છે, જ્યારે 'સર્વોત્તમ' થવું એ વ્યક્તિની પોતાની જાત સાથેની આધ્યાત્મિક અને ભાવનાત્મક મથામણ છે.

આપણે એક એવાં સમાજમાં જીવી રહ્યાં છીએ જ્યાં સવારથી સાંજ સુધી 'શ્રેષ્ઠ' બનવાની હોડ જામી છે. બીજા કરતાં વધુ ગુણ મેળવવા, વધુ ધન કમાવવું, કે ઊંચા પદ પર પહોંચવું,આ બધું આપણને શ્રેષ્ઠતાની શ્રેણીમાં મૂકે છે. પરંતુ આ શ્રેષ્ઠતા સાપેક્ષ છે. તે હમેશાં બીજાનાં સંદર્ભ પર નિર્ભર કરે છે. જો કોઈની બાજુમાં વધુ કુશળ વ્યક્તિ આવી જાય, તો તેની 'શ્રેષ્ઠતા'નો પાયો હલી જાય છે. પરિણામે, આ દોડ માણસને અંદરથી ખાલીપો, ઈર્ષ્યા અને સતત તણાવ આપે છે.

જ્યારે 'સર્વોત્તમ' એ એક તદ્દન ભિન્ન અનુભૂતિ છે. સર્વોત્તમનો અર્થ છે.આપણાં પોતાનાં અસ્તિત્વની પરાકાષ્ઠા, 'પોતાનું સૌથી ઉત્તમ સ્વરૂપ'. આમાં સ્પર્ધા જગત સાથે નથી હોતી, પણ ગઈકાલનાં પોતાનાં જ સ્વરૂપ સાથે હોય છે. જ્યારે એક કલાકાર કોઈની સાથે સરખામણી કર્યા વગર પોતાના સંપૂર્ણ આત્માને કેનવાસ પર રેડી દે છે, ત્યારે તે સર્વોત્તમ સર્જન બને છે. જ્યારે કોઈ મા પોતાનાં બાળકને નિઃસ્વાર્થ પ્રેમ કરે છે, ત્યારે તે ભાવ સર્વોત્તમ હોય છે. સર્વોત્તમ બનવા માટે કોઈને હરાવવાની જરૂર નથી પડતી, માત્ર પોતાની મર્યાદાઓને ઓળંગીને પોતાની ભીતર રહેલી દિવ્યતાને પ્રગટ કરવાની હોય છે.ભાવનાત્મક દ્રષ્ટિએ જોઈએ તો, શ્રેષ્ઠતા અહંકારને પોષી શકે છે, જ્યારે સર્વોત્તમતા માણસને નમ્ર બનાવે છે. 'હું શ્રેષ્ઠ છું' એ ભાવમાં ક્યાંક ને ક્યાંક બીજાંને નીચાં જોવાનો ગર્વ છુપાયેલો હોઈ શકે, પણ 'હું મારું સર્વોત્તમ આપીશ' એ સંકલ્પમાં સમર્પણ અને પવિત્રતા હોય છે.

આ જગતને આજે માત્ર શ્રેષ્ઠ વક્તાઓ, શ્રેષ્ઠ વૈજ્ઞાનિકો કે શ્રેષ્ઠ ઉદ્યોગપતિઓની જ જરૂર નથી,પણ સર્વોત્તમ મનુષ્યોની તાતી જરૂર છે.જે ક્ષણે આપણે બીજાં કરતાં બહેતર બનવાનો મોહ છોડીને, પોતાનાં થી જ બહેતર બનવાની યાત્રા શરૂ કરીશું, તે જ ક્ષણે આપણે સાચા અર્થમાં 'સર્વોત્તમ' બની શકીશું. તે જ જીવનની સાચી સાર્થકતા છે.

-ડૉ. દક્ષા જોશી 'નિર્ઝરા'
અમદાવાદ, ગુજરાત.

★★★★★★

**NOG NO.0059**
વિષય શ્રેષ્ઠ
હાઈકૂ પાંચ

પ્યારે' અન્યને
આપે ઊતમ તેને
જ મળે શ્રેષ્ઠ

આપણી શ્રેષ્ઠ
ભાવના,તો ઈશ્વર
આપે શ્રેષ્ઠ જ !

શ્રેષ્ઠ ની ભાષા
પ્યારે' જે વાવશો તે
તમે લણશો !

એક હાથે જે
વાવશે,તે હજાર
હાથે લણશે !

યુધ્ધ કરે જે
પ્યારે' તેજ વિશ્ર્વમા
સૌથી નાદાર !

જયકાન્ત ઘેલાણી
પ્યારે'.
બોરીવલી- મુંબઈ.

★★★★★★

**N. O. G. S. S.No.0102.**
વિષયઃ- શ્રેષ્ઠ /સર્વોત્તમ.
પ્રકારઃ- ગદ્ય. શબ્દઃ-૨૮૫.

દરેક માનવીને પોતે શ્રેષ્ઠ અને સર્વોત્તમ હોય તેવું બનવાનું હંમેશા મન થતું હોય છે. આ બંને ઘણી બધી મહેનત માગી લે એવી પ્રક્રિયા છે.

મા બાપો કહેછે કે મારા સંતાનો શ્રેષ્ઠ બને અને તેને માટે તેઓને જે જે સુવિધાઓ જોઈએ તે પૂરી પાડે છે. શાળામાં જતા બાળક પોતે ઈચ્છે છે કે મારું પરિણામ શ્રેષ્ઠ આવે, તે જ રીતે બોર્ડ ,કોલેજ અને જુદી જુદી ડીગ્રી ઓ પ્રાપ્ત કરે છે ત્યારે પણ માણસને પોતે શ્રેષ્ઠ સાબિત કરવા માટે તનતોડ મહેનત કરે છે અને તેને પરિણામે તેને શ્રેષ્ઠતા પ્રાપ્ત થાય છે. આ પ્રાપ્ત કરવા માટે? મહેનત, ઈશ્વર કૃપા અને વડીલોની કૃપા એ બહુ જરૂરી હોય છે, તો આ બધું થઈ શકે છે અને ઘણા લોકોએ આવું હાંસલ કરી અને બતાવ્યું છે ઘણા ગરીબ લોકો પણ શ્રેષ્ઠતા અને સર્વોતમતાની કક્ષાસુધી પહોંચી શક્યા છે.

મને શ્રેષ્ઠ કુટુંબ , નોકરી , પત્ની મળે શ્રેષ્ઠ સગા સંબંધીઓ મળે વિગેરે માનવી હંમેશા ઈચ્છતા હોય છે અને તેને પ્રાપ્ત કરવા માટે કોશિશ કરે છે.

શ્રેષ્ઠતાથી એક ડગલું આગળ જઈએ ત્યારે જ સર્વોત્તમતા પ્રાપ્ત થાય છે અને આ સર્વોત્તમતા પ્રાપ્ત કરવા માટે શ્રેષ્ઠતા પછી સતત પ્રયાસો એ સર્વોત્તમતા ને પ્રાપ્ત કરે છે સમાજમાં ઘણા બધા લોકો સર્વોત્તમ સ્થાને હોય છે સામાજિક , રાજકીય, કૌટુંબિકસ્તરે જ્ઞાતિના સ્તરે ઘણા લોકો આ સર્વોત્તમ પદને પ્રાપ્ત કરે છે પરંતુ તેને માટે તેઓએ આ બધા જ માટે ખૂબ ખૂબ કામ કરેલું હોય ત્યારે તેને સર્વોત્તમતા પ્રાપ્ત થાય છે. શ્રેષ્ઠતા અને સર્વોત્તમતા પ્રાપ્ત કરવા માટે માણસે સતત પ્રયાસ કરતા રહેવું પડે છે.

સમાજમાં શ્રેષ્ઠતા અને સર્વોત્તમતા જેવો એ પ્રાપ્ત કરી છે તેઓના નામ ઈતિહાસમાં હંમેશા યાદ રહે છે.

રતીલાલ વાયડા (રોડાપાલી. નવી મુંબઈ.)

★★★★★★

**NOG SS no 387**
વિષયઃ શ્રેષ્ઠ/સર્વોત્તમ
શિર્ષકઃ "મળ્યો મનુષ્ય દેહ ચિંતામણી રે..."
પ્રકારઃ ગદ્ય, શબ્દોઃ૨૬૭

આપણાં શાસ્ત્રોમાં માં જણાવ્યા મુજબ લખચોરાશી- ૮૪ લાખ યોનિ માં થી મનુષ્ય દેહ ચિંતામણી( શ્રેષ્ઠ )સમાન ગણાય છે.તો "તેમા શ્રેષ્ઠ માં થી સર્વોત્તમ જીવન જીવી ને પ્રભુ ના લાડકવાયા સંતાન થવા નો યશ લેવાના કાર્ય માં લાગી જઈએ તો કેવું!!
"જાણે સોનામાં સુગંધ ભળે!"
"દેવો ને દુર્લભ એવો મનુષ્ય દેહ આ મળીયો..."

આપણે સૌ એવા સમાજ માં જીવી રહ્યા છીએ કે જેમાં જુદા જુદા ફિલ્ડ માં શ્રેષ્ઠ બનવાની હોડ લાગેલી છે એ ઘણીવાર સામાજીક અનિવાર્યતા અને સ્પર્ધા નું પરિણામ હોય છે.

જ્યારે સર્વોત્તમ થવું એ પોતાની જાત સાથે ની અધ્યાત્મિક અને ભાવનાત્મક મથામણ છે.માનવ ચેતના નાં જુદા જુદા બે પાસા છે.પોતાના અસ્તિત્વ ની પરાકાષ્ઠા એ સૌથી ઉત્તમ એટલે કે સર્વોત્તમ!! ત્યાં કોઈ સ્પર્ધા નથી હોતી.પોતાના આત્મા ને કેનવાસ પર રેડી ને સુંદર ચિત્રાંકન કરવાનું છે.માત્ર પોતાની મર્યાદા પાર કરી ભીતર રહેલી દિવ્યતા ને પ્રકટ કરવાની જરૂર હોય છે."શ્રેષ્ઠતા કદાચ માણસ નાં અહમ્ ને પોષે છે.જયારે સર્વોત્તમ અવસ્થા માણસ ને નમ્ર બનાવે છે."જેવો છે તેવો સ્વ નો સ્વીકાર એટલે કે આત્મ વિશ્વાસ!સવાલ થાય કે આ આત્મ વિશ્વાસ ક્યાંથી આવે? તો જવાબ છે, આત્મ મંથનમાંથી !! જગત ને સર્વોત્તમ માણસોની ખૂબ જ જરુર છે. પોતાની જાતને બહેતર બનાવવાની યાત્રા મેં તો શરુ કરી દીધી છે.ચાલો ને મારી સાથે-જગત ને નંદનવન બનાવવા નાં અભિયાનમાં!!

"મળ્યો મનુષ્ય દેહ ચિંતામણી રે...
એને જાતા ન લાગે વાર ,
તો ય જાણ્યા નહીં જગદીશ ને રે...."
"રમાડજે...રડાવજે,
નહીં રે ત્યાગ તો!!
તવ ચરણકમળ થી મને ન દૂર રાખતો...
તું છો મહાન વૈભવી ઓ વિશ્વ નિયંતા...
ટકાવજે, મુજ અસ્મિતા હું એ જ યાચતો...
તવ ચરણકમળ થી મને ન દૂર રાખતો...

પુનિતા બેન -અમદાવાદ

★★★★★★

**NOG SS NO. 215**
વિષય :- ''શ્રેષ્ઠ/સર્વોત્તમ"
શીર્ષક :- "એ દિવસે ભારત સર્વશ્રેષ્ઠ કહેવાશે"
પ્રકાર :- પદ્ય (અછાંદસ)
શબ્દો :- ૯૫.

મંદિરે અઝાન, જે દાડે મસ્જીદે પ્રાર્થના ગવાશે,
ચર્ચમાં ગુરુગ્રંથ, ગુરુદ્વારે બાઈબલ સજાવાશે,
ગર્વ કરશે સૌ જે દાડે પોતે હિન્દુસ્તાની હોવાનું,
તે દિવસે આ ભારત વિશ્વમાં સર્વશ્રેષ્ઠ કહેવાશે.
પહેલા સંવિધાન, પછી પોતપોતાના ધર્મને માને,
પોતાની સાથે દેશને પ્રગતિવાન બનાવવાનું ઠાને,
સંકલ્પ કરે જે દાડે સૌ દેશ, માટે કુરબાન
આભાર - નિહારીકા રવિયા થવાનું,
તે દિવસે આ ભારત, વિશ્વમાં સર્વશ્રેષ્ઠ કહેવાશે.
દેશને સર્વોપરી ગણે ત્યારે જ દેશ મહાન બને છે,
'સર્વધર્મ સંભાવ' કહ્યે ના દેશ શક્તિમાન બને છે,
પ્રજા નક્કી કરશે જયારે એક ને નેક થઈ રહેવાનું,
તે દિવસે આ ભારત, વિશ્વમાં સર્વશ્રેષ્ઠ કહેવાશે.

શ્યામ ગોયાણી 'શ્યામ'
શિવેન્દ્રનગર (હાલ સુરત)

# દિલ્હીની આગમાં એક જ પરિવારના ૮ લોકોના મોત, ગુરુગ્રામના વિવેકની દર્દનાક કહાની

દિલ્હીના માલવીયનગરમાં ભીષણ અગ્નિકાંડમાં ૨૧ લોકોના મોત થયા છે, જ્યારે ઘણા લોકો દાઝી ગયા છે અથવા ધુમાડાની ચપેટમાં આવવાને કારણે બેભાન થઈ ગયા છે. આ અકસ્માતમાં ગુરુગ્રામથી આવેલા એક જ પરિવારના ૮ લોકોના કમકમાટીભર્યા મોત નીપજ્યા છે. દિલ્હીના માલવીય નગરમાં બુધવારે થયેલા ભીષણ અગ્નિકાંડમાં ૨૧ લોકોના દર્દનાક મોતમાં કેટલાક વિદેશીઓ સહિત કુલ ૨૧ લોકોએ જીવ ગુમાવ્યા છે, જ્યારે આશરે બે ડઝન લોકો ગંભીર રીતે ઘાયલ થયા છે. માલવીયનગરની ચાર માળની હોટલમાં ગુરુગ્રામના એક જ પરિવારના ૮ લોકોના મોત થયા છે. મેક્સ હોસ્પિટલમાં પોતાના પરિવારના એક સભ્યની સારવાર કરાવવા માટે આવેલા આ લોકો હોટલમાં નાસ્તો કરવા ગયા હતા.એકજ પરિવારના ૮ના મોતઆ અકસ્માત બાદ હોટલમાં રોકાયેલા લોકોના સંબંધીઓ મેક્સ હોસ્પિટલની બહાર એકઠા થઈ ગયા હતા. હોસ્પિટલમાં કુલ ૩૯ લોકોને લાવવામાં આવ્યા હતા, જેમાંથી ૧૮ લોકોના મોત થઈ ચૂક્યા હતા. દિલ્હીના મહાવીર એન્ક્લેવના રહેવાસી પ્રેમ બંસલ જ્યારે અહીં પહોંચ્યા ત્યારે તેમના પર દુઃખનો પહાડ તૂટી પડ્યો. બંસલે જણાવ્યું કે, આ ઘટનામાં તેમની દીકરી-જમાઈ અને તેમના પરિવારના ૮ લોકોના એકસાથે જીવ ચાલ્યા ગયા છે. પ્રેમ બંસલના જમાઈ વિવેક અગ્રવાલ ગુરુગ્રામના સેક્ટર ૪૬ ના રહેવાસી હતા. વ્યવસાયથી સીએ (ઝછ) વિવેક અગ્રવાલ સેક્ટર-૪૬ના મકાન નંબર ૩૧૬૯માં પરિવાર સાથે રહેતા હતા. આ મકાનના ગ્રાઉન્ડ ફ્લોર પર વિવેક અગ્રવાલ તેમની પત્ની તર્જની, માતા પ્રેમલતા, પિતા રાધેશ્યામ અગ્રવાલ, દીકરી જીવિશા અને વારિયા સાથે રહેતા હતા. વિવેકના પિતા રાધેશ્યામની તબિયત ખરાબ હોવાને કારણે તેમને દિલ્હીની મેક્સ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા.બુધવારે વિવેકના માસા-માસી પિતાને મળવા માટે દિલ્હી આવ્યા હતા. ત્યારબાદ વિવેક સવારે સાડા આઠ વાગ્યે બધાને લઈને રેસ્ટોરન્ટમાં નાસ્તો કરવા માટે ગયા હતા, જ્યાં કાળનો પંજો તેમના પર ફરી વળ્યો અને બધા મોતના મુખમાં ધકેલાઈ ગયા. સેક્ટર-૪૬ના ઈ૩છ પ્રમુખ રાજકુમાર યાદવે જણાવ્યું કે, વિવેક અગ્રવાલ વ્યવસાયે સીએ હતા અને ઘણા વર્ષોથી સેક્ટર-૪૬ માં રહેતા હતા. તેમણે મકાનનો પહેલો અને બીજો માળ ભાડે આપેલો હતો.વિવેકની સાથે પત્ની, દીકરીઓ, માતા, માસીપ બધા જ બળી ગયાવિવેક અગ્રવાલની સાથે તેમની પત્ની તર્જની, દીકરી જીવિશા અને વારિયા, માતા પ્રેમલતા, માસા અશોક ગોયલ, માસી કમલા અને પરિવારના અન્ય સભ્ય ઝિમરી અગ્રવાલનું મોત થયું છે. માત્ર વિવેકના બીમાર પિતા જ બચી ગયા છે, જેઓ હોસ્પિટલમાં દાખલ હતા. હવે તેમની સંભાળ રાખવા માટે પણ પરિવારમાં કોઈ બચ્યું નથી.લોકો ચીસો પાડતા રહ્યા- બચવા માટે બારીઓમાંથી કૂદ્યા'ફ્લોરિશ સ્ટે બી એન્ડ બી' હોટલમાં લાગેલી ભીષણ આગમાંથી લોકોને બચાવવા માટે આસપાસના લોકોએ ખૂબ પ્રયાસો કર્યા. તેમણે ઈમારતની બારીઓના કાચ તોડી નાંખ્યા, અને રસ્તા પર ગાદલા પાથરી દીધા. સ્થાનિક રહેવાસી અનીતા ચૌધરીએ જણાવ્યું કે, 'હોટલમાં થયેલા કેટલાય વિસ્ફોટોના અવાજથી સમગ્ર વિસ્તારમાં દહેશત ફેલાઈ ગઈ હતી. મેં બોમ્બ બ્લાસ્ટ જેવા અવાજો સાંભળ્યા અને પછી ઈમારતની અંદરથી

# ઊર્જા બચાવો ઝુંબેશ વચ્ચે LPG-પેટ્રોલ-ડીઝલના વેચાણના સામે આવ્યા ચોંકાવનારા આંકડા, જુઓ રિપોર્ટ

આમ તો મધ્ય-પૂર્વમાં ચાલી રહેલા સંકટનાકારેમોટાભાગનોક્રૂડ ઓઈલનો સપ્લાય અટકી ગયા બાદ દેશમાં ઊર્જા બચાવો ઝુંબેશ ચાલી રહી છે. દેશની અનેક સરકારી સંસ્થાઓ, નેતાઓ અને પ્રાઈવેટ સેક્ટરો ઊર્જાનો ઉપયોગ કરવાના રસ્તાઓ અપનાવી રહ્યા છે. જોકે હવે દેશમાં ન્ઁ અને પેટ્રોલ-ડીઝલનેલઈને આશ્ચર્યજનક આંકડા સામે આવ્યા છે. રિપોર્ટમુજબ, મે મહિનામાં એલપીજી વેચાણમાં મોટો ઘટાડો થયો છે, તો પેટ્રોલ-ડીઝલની માંગમાં વધારો થયો છે.સૌથી ચોંકાવનારા વાત એ છે કે, પેટ્રોલની તુલનાએ ડીઝલની વેચાણ વધુ થયું છે.દેશના ૯૦% પેટ્રોલ-ડીઝલ માર્કેટ પર ૩ સરકારી કંપનીનો દબદબોસરકારી તેલ કંપનીઓ ઈન્ડિયન ઓઈલ (ૈંઞ), ભારત પેટ્રોલિયમ ( મ્ઁઞ), અને હિન્દુસ્તાન પેટ્રોલિયમનાં આંકડા મુજબ, વાર્ષિક આધારે મે મહિનામાંપેટ્રોલના વેચાણમાં ૪.૮ ટકા જ્યારે ડીઝલના વેચાણમાં ૬.૪ ટકા વધારો થયો છે. આ ઉપરાંતવિમાનોમાં વપરાતા છ્‌હ્લ (એવિએશ ટરબાઈનફ્યૂલન વેચાણમાં પણ ૧.૮ ટકાનો વધારો થયો છે. મીડિયા રિપોર્ટ મુજબ, દેશનું ૯૦% પેટ્રોલ-ડીઝલ માર્કેટ આ જ ૩ સરકારી કંપનીના હાથમાં છે.ન્ઁના વેચાણમાં ધરખમ ઘટાડોસૌથી મહત્ત્વની વાત એ છે કે, એલપીજીના વેચાણમાં ૨૪ ટકાનો ધરખમ ઘટાડો થયો છે. એપ્રિલ-૨૦૨૬માં તેનું વેચાણ ૧૬ ટકા ગગડી ગયું હતું, તે પછી મે મહિનામાં પણ તેના વેચાણમાં ધરખમ ઘટાડો થયો છે. નિષ્ણાતોના મતે, આના પાછળ અનેક કારણો જવાબદાર હોઈ શકે છે. સિલિન્ડરની વધી ગયેલી કિંમતો અને ઉપયોગને ધ્યાને રાખીને કેટલાક સેક્ટરોએ તેની ખરીદી ઘટાડી દીધી હોઈ શકે છે. આ ઉપરાંત ગત વર્ષના મુકાબલે માંગનો આધાર વધવાના કારણે પણ ટકાવારી વધુ દેખાઈ રહી હોઈ શકે છે.દેશની આર્થિક પ્રવૃત્તિઓ મજબૂત થવાના સંકેતબીજીતરફ સારી વાત એ પણ કહી શકાય કે, પેટ્રોલ-ડીઝલનું વધતુ વેચાણ દેખાડી રહી છે કે, આર્થિક પ્રવૃત્તિઓ મજબૂત થઈ રહી છે. ગરમીની સિઝનમાં ટ્રાન્સપોર્ટ, લોજિસ્ટિકમાં પેટ્રોલનો વપરાશ વધુ થયો છે. ટુ-વ્હિલર્સ વાહનોમાં પણ પેટ્રોલનો ઉપયોગ વધ્યો છે. જયારે ડીઝલની વધતી માંગે નિષ્ણાતોને ચોંકાવી દીધા છે. સામાન્ય રીતે ભારતમાં પેટ્રોલથી અઢી ગણું વધુ ડીઝલનું વેચાણ થાય છે, તેથી મે મહિનામાં ડીઝલના વેચાણમાં વધારો થવાનો આંકડો ચોંકાવનારો

# ૨૧૫ કરોડનો મહાઠગાઈ કેસમાં સુકેશ-જેકલીનની મુશ્કેલી વધી, આરોપો નક્કી કરાયા, ૧૬ જુલાઈએ સુનાવણી

રૂ.૨૧૫ કરોડની ઠગાઈ અને મની લોન્ડરિંગના હાઈ-પ્રોફાઈલ કેસમાં બોલિવૂડ અભિનેત્રી જેકલીન ફર્નાન્ડિસ, મહાઠગ સુકેશ ચંદ્રશેખર અને તેની પત્ની લીના મારિયા પોલ સહિત ૧૭ આરોપીઓની મુશ્કેલીઓ વધી ગઈ છે. આ કેસમાં નવો વળાંક પણ આવ્યો છે. દિલ્હીની પટિયાલા હાઉસ કોર્ટે તમામ આરોપીઓ વિરૂદ્ધ પ્રિવેન્શન ઓફ મની લોન્ડરિંગ એક્ટ (ઁસ્ન્છ) હેઠળ આરોપો નક્કી કરી દીધા છે. આ ઉપરાંત મકોકા હેઠળ પણ કાર્યવાહી આરોપીઓ સામે આરોપો નક્કી કરાયા છેઆરોપીઓએ ગુના સ્વીકારવાનો ઈનકાર કર્યોઅદાલતમાં તમામ આરોપીઓએ આ ગુના સ્વીકારવાનો ઈનકાર કર્યો છે, જેથી હવે આ કેસમાં કાયદેસરની ટ્રાયલ ચલાવવાનો રસ્તો સાફ થઈ ગયો છે. મની લોન્ડરિંગના આ કેસમાં હવે આગામી સુનાવણી ૧૬ જુલાઈએ હાથ ધરાશે.મકોકા હેઠળ પણ કાર્યવાહી : સુકેશે હસ્તાક્ષર કરવાનો ઈનકાર કયોમની લોન્ડરિંગ ઉપરાંત, સંગઠિત ગુનાખોરી સાથે જોડાયેલા મકોકા (સ્ર્ઝ્રંઝછ) કેસમાં પણ કોર્ટે ૨૧ આરોપીઓ સામે આરોપો નક્કી કર્યા છે. જોકે, સુકેશ ચંદ્રશેખરે મકોકા કેસના દસ્તાવેજો પર હસ્તાક્ષર કરવાનો ઈનકાર કરી દીધો હતો. હવે આ બંને કેસમાં તમામ આરોપીઓ વિરૂદ્ધ કોર્ટમાં ટ્રાયલ ચાલશે. મકોકા કેસની આગામી સુનાવણી ૧૪ જુલાઈએ હાથ ધરાશે. અગાઉ ૩૦ મેના રોજ કોર્ટે આરોપો નક્કી કરવાનો આદેશ આપીને તમામ આરોપીઓને ૩ જૂને કોર્ટમાં હાજર થઈ દસ્તાવેજો પર ઔપચારિક હસ્તાક્ષર કરવા નિર્દેશ આપ્યો હતો.જેલની અંદરથી જ ઓપરેટ થતું હતું કરોડોનું નેટવર્કઆ સમગ્ર મામલો દિલ્હી પોલીસમાં અદિતિ સિંહ દ્વારા નોંધાવવામાં આવેલી ફરિયાદના આધારે શરૂ થયો હતો. કોર્ટના જણાવ્યા મુજબ, સુકેશ ચંદ્રશેખરે જેલના સત્તાવાળાઓની કથિત મદદથી જેલની અંદર રહીને જ એક મોટું નેટવર્ક ઊભું કર્યું હતું. તેણે ટેકનોલોજીનો ઉપયોગ કરીને પોતાના મોબાઈલની ઓળખ છુપાવી હતી

# બોડેલી સેવા સદનમાં ભીષણ આગ, નાયબ કલેક્ટર કચેરીમાં અફરાતફરી, ફાયર સેફ્ટીનો હતો અભાવ


છોટાઉદેપુર જિલ્લાના બોડેલી ખાતે આવેલા સેવા સદન (નાયબ કલેક્ટરની કચેરી) બિલ્ડિંગમાં અચાનક ભીષણ આગ ફાટી નીકળતાં સમગ્ર પંથકમાં ચકચાર મચી ગઈ છે. સરકારી કચેરીમાં આગ લાગવાની આ ઘટનાને પગલે બિલ્ડિંગમાં હાજર અધિકારીઓ, કર્મચારીઓ અને પોતાના કામ અર્થે આવેલા લાભાર્થીઓમાં ભારે નાસભાગ અને અફરાતફરીનો માહોલ સર્જાયો હતો.ફાયર બ્રિગેડ મોડું પડતાં આગ વધુ પ્રસરીસ્થાનિક સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ, આગ લાગ્યાના તુરંત બાદ ફાયર વિભાગને જાણ કરવામાં આવી હતી. પરંતુ અત્યંત ગંભીર બાબત એ રહી કે ઘટનાના એક કલાક સુધી ફાયર ફાઈટર ઘટનાસ્થળે પહોંચી શક્યા ન હતા. આ સમયગાળા દરમિયાન આગે વધુ વિકરાળ સ્વરૂપ ધારણ કરી લીધું હતું અને બિલ્ડિંગના અન્ય હિસ્સાઓને પણ ઝપેટમાં લેવાનું શરૂ કરી દીધું હતું. કચેરીમાં રહેલા અગત્યના સરકારી દસ્તાવેજો અને ફાઈલો પણ આ આગની ચપેટમાં આવી હોવાની આશંકા સેવાઈ રહી છે.સરકારી બિલ્ડિંગમાં જ ફાયર સેફ્ટીનો અભાવ!આ અકસ્માતે સરકારી તંત્રની ઘોર બેદરકારી ફરી એકવાર છતી કરી દીધી છે. લાખો રૂપિયાના ખર્ચે બનેલા આ સેવા સદન બિલ્ડિંગમાં આગ ઓલવવા માટેની પ્રાથમિક 'ફાયર સેફ્ટી'ની કોઈ જ પૂરતી સુવિધા ઉપલબ્ધ ન હતી. જો બિલ્ડિંગમાં ફાયર સિસ્ટમ કાર્યરત હોત, તો ફાયર ફાઈટર આવે તે પહેલાં જ સ્થાનિક સ્તરે આગ પર કાબૂ મેળવી શકાયો હોત અને આ નુકસાન અટકાવી શકાયું હોત.સમગ્ર બિલ્ડિંગ ખાલી કરાવાઈ, મોટો અકસ્માત ટળ્યોઆગની તીવ્રતા વધતી જોઈને વહીવટી તંત્ર તાત્કાલિક

સત્યમેવ જયતે
ગુજરાત સરકાર

વિકસિત ભારત
વિકસિત ગુજરાત



પ્રગતિનું પર્વ, પ્રકૃતિનો ગર્વ



# આત્મનિર્ભર ભારતના પ્રણેતા

## માનનીય વડાપ્રધાન

# શ્રી નરેન્દ્ર મોદીના

## વરદ હસ્તે

## ₹ ૧૮,૦૦૦ કરોડથી વધુના વિકાસ પ્રકલ્પોનાં લોકાર્પણ અને ખાતમુહૂર્ત

## તેમજ વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણી

ગરીમામયી ઉપસ્થિતિ

**શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ**
માનનીય મુખ્યમંત્રી, ગુજરાત

**શ્રી સી. આર. પાટીલ**
માનનીય કેન્દ્રીય જળશક્તિ મંત્રી, ભારત

**શ્રી હર્ષ સંઘવી**
માનનીય નાયબ મુખ્યમંત્રી, ગુજરાત

### કાર્યક્રમની વિશેષતાઓ

- પ્લાસ્ટિક કે થર્મોકોલના ઉપયોગ વિના ૧૦૦% સસ્ટેનેબલ ડેકોરેશન
- સુરતના ફાઇન આર્ટસના પ્રાધ્યાપકો તેમજ વિદ્યાર્થીઓ દ્વારા રીસાઇકલ કાપડમાંથી તૈયાર થયેલું સ્ટેજ બેકડ્રોપ
- પર્યાવરણનો સંદેશ આપતી ૫૦૦૦ થી વધુ નાગરિકોની કૃતિઓનો સમાવેશ તેમજ હેન્ડ-પેઇન્ટેડ હોર્ડિંગ્સ તેમજ પેનલ્સ
- આદિવાસી કલાકારો દ્વારા તૈયાર થયેલ પરંપરાગત વાંસ આધારિત વિવિધ ઈન્સ્ટોલેશન
- વેસ્ટમાંથી બેસ્ટ અભિગમ સાથે રીસાઇકલ સામગ્રીથી તૈયાર થયેલી શિલ્પકૃતિઓનો સમાવેશ.
- ભારતીય સંસ્કૃતિને ઉજાગર કરતી ઈકો - ફ્રેન્ડલી રંગોળી

- ભારતીય રાષ્ટ્રીય રાજમાર્ગ પ્રાધિકરણના ૬ વિકાસલક્ષી પ્રકલ્પોનું લોકાર્પણ તથા ખાતમુહૂર્ત
- ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગના ૪ વિકાસલક્ષી પ્રકલ્પોનું લોકાર્પણ
- ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમના ૮ વિકાસલક્ષી પ્રકલ્પોનું લોકાર્પણ
- શ્રમ અને રોજગાર મંત્રાલય, ભારત સરકાર અંતર્ગત કર્મચારી રાજ્ય વીમા નિગમના વિકાસલક્ષી પ્રકલ્પનું લોકાર્પણ
- શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના ૨ વિકાસલક્ષી પ્રકલ્પોનું લોકાર્પણ
- માર્ગ અને મકાન વિભાગના વિકાસલક્ષી પ્રકલ્પોનું લોકાર્પણ
- આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના વિકાસલક્ષી પ્રકલ્પનું લોકાર્પણ
- પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગના જિલ્લા પંચાયત ડાંગ-આહવાના નવનિર્મિત ભવનનું લોકાર્પણ



તારીખ: ૦૫ જૂન, ૨૦૨૬ | સમય: સાંજે ૪:૧૫ વાગે | સ્થળ: પંડિત દીનદયાળ ઉપાધ્યાય ઈન્ડોર સ્ટેડિયમ, સુરત

"આદરણીય વડાપ્રધાનશ્રીના વરદ હસ્તે ₹૧૮,૦૦૦ કરોડના વિકાસ પ્રકલ્પોની ભેટ એ ગુજરાતમાં 'પ્રગતિ અને પ્રકૃતિ'ના ઉત્તમ સમન્વય થકી 'વિકસિત ભારત'ના નિર્માણની મજબૂત ગેરંટી છે."

– **શ્રી હર્ષ સંઘવી**, માનનીય નાયબ મુખ્યમંત્રી, ગુજરાત

કાર્યક્રમનું જીવંત પ્રસારણ: ડી ડી ન્યૂઝ CMOGuj CMOGuj CMOGujarat CMOGujarat


Printer/publisher/0wner & Editor:Pradip.A.Raval Printed at Jay Graphics & Printers,C15, Vikram Chambers,Income Tax.Ashram Road.Ahmedabad-380009.Published At : Plot No:581/1,Sector-7 B.Gandhinagar - 382007.Gujarat